# આયાત અને નિકાસ બંનેમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૫

ભારતની નિકાસ સતત છઠ્ઠા મહિનામાં ઘટી છે. જેના પરિણામ સ્વરુપે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ભારતની નિકાસ મે મહિનામાં ૨૦.૧૯ ટકા સુધી ઘટીને ૨૨.૩૪ અબજ ડોલર થઈ ગઈ છે. નિકાસમાં ઘટાડો થવા માટે ઘણા કારણો જવાબદાર રહ્યા છે જેમાં વૈશ્વિક મંદી, ક્રૂડની કિંમતમાં ઘટાડો અને રૂપિયાની કિંમતમાં તેજી જેવા મામલાઓનો સમાવેશ થાય છે. મે ૨૦૧૪માં દેશમાં મર્કેન્ડાઈઝ નિકાસનો આંકડો ૨૭.૯૯ અબજ ડોલર નોંધાયો હતો તેમાં ૭.૨૭ ટકાનો વધારો થયો હતો. પેટ્રોલિયમ પેદાશો, હીરા જવેરાત, એન્જિનિયરિંગ, રાસાયણ સહિતની ખાસ



નિકાસની ચીજવસ્તુઓના ક્ષેત્રમાં ખુબ જ સંકુચિત સ્થિતિ રહી છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, સમીક્ષા હેઠલના ગાળા દરમિયાન આયાતમાં પણ ૧૬.૫૨ ટકાનો ઘટાડો થયો છે જેથી આયાત ઘટીને ૩૨.૭૫ અબજ ડોલર થઈ ગઈ છે. મે મહિનામાં વેપાર ખાધ ઘટીને ૧૦.૦૪ અબજ ડોલર રહી ગઈ છે જે મે ૨૦૧૪માં ૧૧.૨૩ અબજ ડોલર હતી. પેટ્રોલિયમ આયાત મે મહિનામાં ૪૦.૯૭ ટકાથી ઘટીને ૮.૫૩ અબજ ડોલર થઈ ગઈ છે. બિન પેટ્રોલિયમ આયાત પણ ૨.૨૪ ટકા ઘટીને ૨૪.૨૧ અબજ ડોલર થઈ ગઈ છે. અલબત્ત સોનાની આયાત મે મહિનામાં ૧૦.૪૭ ટકા વધીને ૨.૪૨ અબજ ડોલર થઈ ગઈ છે. એપ્રિલ-મે ૨૦૧૫માં નિકાસ ૧૭.૨૧ ટકા ઘટીને ૪૪.૪ અબજ ડોલર થઈ ગઈ છે. આયાત પણ ૧૨.૨ ટકા ઘટીને ૬૫.૮ અબજ ડોલર થઈ ગઈ છે જેનાથી વર્તમાન નાણાંકીય વર્ષના પ્રતમ બે મહિનામાં વેપાર ખાદ્ય ઘટીને ૨૧.૩૯ અબજ ડોલર થઈ ગઈ છે. માર્ચ મહિનામાં દેશની નિકાસ ૨૧ ટકા ઘટી હતી જે છેલ્લા મહિનામાં સૌથી વધારે ઘટાડો હતો. એપ્રિલ મહિનામાં પેટ્રોલિયમ પ્રોડક્ટ, જેમ એન્ડ જ્વેલરી, એન્જિનિયરિંગ અને કેમિકલમાં નિકાસ નકારાત્મક ગ્રોથમાં રહેતા સરકારમાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ હતી.

# નરેન્દ્ર મોદીના નામે બિહારમાં ચૂંટણી લડવા ભાજપની જાહેરાત

નવી દિલ્હી,તા. ૧૬

બિહારમાં વિધાનસભાની ચૂંટણી માટેનું રણશિંગૂ ફુંકાવવાની તૈયારી છે ત્યારે કેન્દ્રીય રસાયણ અને ખાતર પ્રધાન અનંત કુમારે આજે જાહેરાત કરી હતી કે, ભાજપ બિહારમાં વિધાનસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે લડશે. બિહારમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ચહેરા તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રહેશે. ભાજપ મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે કોઈની જાહેરાત કરશે નહીં. બિહારમાં ભાજપના ઈન્ચાર્જ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. અનંતકુમારે કહ્યું હતું કે, ભાજપ મુખ્યમંત્રીપદના ઉમેદવારની જાહેરાત કરશે નહીં. ભાજપ પાસે રાજ્યમાં ટોચના રાજકીય હોદ્દા માટે ઘણા સક્ષમ નેતાઓ છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે ચૂંટણી લડવામાં



આવશે. મોદી ભાજપના ચહેરા તરીકે રહેશે. તેમના નેતૃત્વ હેઠળ જ આ ચૂંટણી લડવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નીતિશકુમારને જનતાદળ યુનાઈટેડ, રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસના મુખ્યમંત્રીપદ ના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આગામી ચૂંટણીમાં નીતિશકુમાર જનતા પરિવારના મુખ્યમંત્રીપદના ઉમેદવાર રહેશે. નીતિશકુમાર કહી રહ્યા છે કે છેલ્લા એક વર્ષમાં ભાજપે મોદીના નામે જુદા જુદા રાજ્યોમાં ચૂંટણી લડી છે. કેન્દ્રીય મંત્રીએ એવા આક્ષેપોને ફગાવી દીધા હતા કે, રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ પ્રસાદ યાદવ અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની માંગને સ્વીકારવામાં આવશે. આ બંને નેતાઓએ મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે પોતાના નેતાની જાહેરાત કરવા ભાજપને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. સોમવારના દિવસે ભાજપના સાથી પક્ષ રાષ્ટ્રીય લોકસમતા પાર્ટીએ કહ્યું હતું કે, તેના પાર્ટીના વડા અને કેન્દ્રીયમંત્રી ઉપેન્દ્ર કુશવાને આગામી બિહાર ચૂંટણી માટે ગઠબંધન માટે મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે જાહેર કરવા જોઈએ.

ભાજપના અન્ય એક સાથી પક્ષ અને કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાને કહ્યું છે કે, તેઓ એનડીએના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે રહેશે નહીં. રાજ્યમાં એનડીએની સાથે જોડાવવાની વાત કરી ચુકેલા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝી કહી ચુક્યા છે કે, ટોપ હોદ્દા માટે તેઓ મેદાનમાં નથી. ભાજપના નેતાને જ મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનાવવામાં આવશે. બિહારમાં જાતિ આધારિત રાજનીતિની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. ઉચ્ચ જાતિ અડધા ડઝનથી વધુ નેતાઓ અને પછાત જાતિના પણ અડધા ડઝનથી વધુ નેતાઓ મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે તેમના નામની જાહેરાત કરવાની વાત કરી છે.

# લલિત મોદી, અન્યોની સામે ૧૬ કેસોમાં નોટીસ અપાશે

નવી દિલ્હી,તા. ૧૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા આઈપીએલની જુદી જુદી એડિશનમાં કહેવાતી નાણાંકીય ગેરતિતીમાં તપાસના ભાગરૂપે આઈપીએલના ભૂતપર્વ ચેરમેન લલિત મોદી અને અન્યોની સામે ૧૭૦૦ કરોડ રૂપિયાના ૧૬ ફોરેક્સ ધારાધોરણના ભંગના કેસોમાં અંતિમ દંડની નોટીસ જારી કરવાની તૈયારી હાથ ધરી છે. ઉચ્ચસ્તરીય એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના સુત્રોએ કહ્યું છે કે આ કેસો ઉપરાંત અન્ય બે શંકાસ્પદ મામલે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. મોદીની ભૂમિકા મામલે ઉંડી તપાસ ચાલી રહી છે. ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટ હેઠળ ૧૬ કેસોમાં તપાસ ચાલી રહી છે. આનો મતલબ એ થયો કે દંડ માટે અંતિમ આદેશ આગામી મહિનામાં જારી કરવામાં આવનાર છે. મોદી સહિત આઈપીએલ-બીસીસીઆઈની તમામ મહત્વપૂર્ણ ઓફિસને લઈને નવી હિલચાલ ચાલી રહી છે. આ કેસો ૧૬૦૦ કરોડ રૂપિયાના ભંગના કેસો છે.આ કેસોમાં મહત્તમ દંડની રકમ આરોપી પર આ રકમ કરતા ત્રણ ગણી વધારે હોઈ શકે છે. ફેબ્રુઆરી મહિનામાં લલિત મોદી સામે ૪૨૫ કરોડની કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી હતી. બીસીસીઆઈના પૂર્વ વડા શ્રીનિવાસનને પણ નોટીસ જારી કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં મોદી અને તેમની ટીમના વકીલો કોઈ પણ ખોટુ કામ કર્યું હોવાનો સતત ઈન્કાર કરી રહ્યા છે. ઈડીની ૨૦૧૦ની ઈન્ટરપોલ બ્લુ નોટીસ જે મોદી સામે હજુ માન્ય છે. લલિત મોદી ફરી ચર્ચામાં છે.

# છત્તીસગઢમાં રાહુલની પદયાત્રા

રાયપુર,તા. ૧૬

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કેટલાક ઉદ્યોગપતિઓ માટે સારા દિવસો આવ્યા છે જ્યારે છત્તીસગઢમાં ગરીબ લોકો માટે ખરાબ દિવસો આવી ગયા છે. જાંગીર-ચંપા ખાતે એક જાહેર સભાને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, આ વન્ય વિસ્તારમાં રહેતા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વન્ય જમીનથી ગરીબ લોકોને રાહત મળે તે ખુબ જરૂરી છે. બાળકો ભવિષ્યમાં ઉદ્યોગપતિ, તબીબ અને એન્જિનિયરો બને તે દિશામાં પહેલ કરવી જોઈએ. રાહુલે કહ્યું હતું કે, ગરીબ લોકોની જમીન હોવા છતાં આ જમીનના લાભ ઉદ્યોગપતિઓને આપવામાં આવી રહ્યા છે. આ પ્રકારના વિકાસને લોકો જોવા ઈચ્છુક નથી. આ પ્રકારની પ્રવૃત્તિ આગળ પણ વધવી જોઈએ નહીં. રાહુલે કહ્યું હતું કે, મોદી કહી રહ્યા



છે કે, અચ્છે દિન આવી ગયા છે પરંતુ તેઓ માને છે કે, ગરીબ લોકોના સારા દિવસો હજુ આવ્યા નથી. ગરીબો અને આદિવાસી લોકોની હાલત હજુ પણ પહેલા જેવી જ રહેલી છે. રાહુલે મોદીની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, જો વડાપ્રધાન ૧૫ લાખનો શુટ પહેર્યા બાદ છત્તીસગઢ આવવાનો નિર્ણય કરશે તો તેમને મનરેગાના લાભથી વાકેફ થઈ શકશે પરંતુ તેમની પાસે સમય નથી. તેઓ ઓસ્ટ્રેલિયા અને અમેરિકા ફરી રહ્યા છે.મોદી પર પ્રહારો કરતા રાહુલે કહ્યું હતું કે, ચૂંટણી હવે પુરી થઈ ચુકી છે જેથી મોદીએ એવા સ્થળો ઉપર જશે જ્યાં તેમને જવાની જરૂર છે પરંતુ પાંચ વર્ષ બાદ ચૂંટણી આવશે ત્યારે ફરી આ વિસ્તારમાં આવશે. તેમની યાત્રાના બીજા દિવસે રાહુલે પદયાત્રા યોજી હતી અને ગરીબ ખેડૂતો અને આદિવાસી સુધી પહોંચવાના પ્રયાસ કર્યા હતા. રાહુલની સાથે મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો અને ટોચના નેતાઓ જોડાયા હતા. જુદા જુદા પ્રોજેક્ટો માટે જમીન અધિગ્રહણના કારણે ખેડૂતો અને આદિવાસીઓને અસર થઈ છે. ગાંધી આઈકને હાલના દિવસોમાં જુદા જુદા રાજ્યોમાં પદયાત્રાઓ યોજી છે. રાહુલે આજે ૧૨ કિલોમીટરના અંતર કાપીને ૧૦થી બાર ગામોની મુલાકાત લીધી હતી. ગાંધીની પદયાત્રા જાંગીર-ચંપા જિલ્લાના સારાદીહ ગામથી ગબરા ગામ સુધી ચાલી હતી. તેમની સાથે ખેડૂતો અને પક્ષના કાર્યકરો પણ માર્ચમાં જોડાયા હતા. રાહુલ હાલમાં એક પછી એક રાજ્યમાં પ્રવાસો યોજીને મોદી સરકારને ભીસમાં લઈ રહ્યા છે. ખેડૂતોના હિતમાં રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ તેઓ ચલાવી રહ્યા છે.

# સંજય દત્ત દ્વારા પેરોલ માટે ફરી એકવાર અરજી કરાઈ

મુંબઈ,તા. ૧૬

બોલીવુડના સુપર સ્ટાર અભિનેતા સંજય દત્તે ફરી એકવાર પેરોલ માટે અરજી કરી દીધી છે.બોલીવુડ સુપર સ્ટાર સંજય દત્ત હાલમાં પુણેની યરવાડા જેલમાં ૪૨ મહિનાની જેલની સજા ગાળી રહ્યો છે. મે ૨૦૧૩ બાદથી સંજય દત્ત જેલમાં છે. સંજય દત્તે ડિવિઝનલ કમિશનર સમક્ષ ૩૦ દિવસના પેરોલ માટે અરજી કરી દીધી છે. વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે, પેરોલની અરજી અને વિનંતી ઉપર ચર્ચા ચાલી રહી છે. ટૂંક સમયમાં આ સંદર્ભમાં અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજકારણી પ્રિયા દત્તના ભાઈ સંજય દત્તને કઠોર જેલની સજા ફટકારવામાં આવી હતી. ફરલો મંજુર કરવામાં આવ્યા બાદ સંજય દત્ત ફરી જેલમાં પરત ફર્યો હતો. વર્ષ ૧૯૯૩માં સમગ્ર દેશને હચમચાવી મુકનાર મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં ગેરકાયદે હથિયારો રાખવાના મામલામાં સુપ્રીમ કોર્ટ દ્વારા પાંચ વર્ષની સજા સંજય દત્તને ફટકારવામાં આવી હતી. સંજય દત્ત વર્ષ ૨૦૦૭થી ૨૦૦૮ દરમિયાન ૧૮ મહિના સુધી જેલમાં રહ્યો હતો. સંજય દત્તને બાકીની અવધિ હજુ પુરી કરવી પડશે. સંજય દત્ત વારંવાર પેરોલ પર છુટ્યો અને ફરલો પણ મંજુર કરવામાં આવ્યા છે જેના કારણે પણ સંજય દત્ત વિવાદના ઘેરામાં રહ્યો છે. હવે સંજય દત્તે ફરી એકવાર પેરોલની માંગણી કરવામાં આવ્યા બાદ મામલો ગરમ થઈ ગયો છે. પુણેની યરવાડા જેલમાં સંજય દત્ત છેલ્લા ઘણા સમયથી સજા ભોગવી રહ્યો છે. સંજય દત્ત આમિર ખાન અભિનીત પીકે ફિલ્મમાં થોડાક સમય માટે ભૂમિકા કરવા માટે બહાર પણ આવ્યો હતો અને આ ફિલ્મમાં ટુંકી પરંતુ ખુબ સારી ભૂમિકા હતી.

# રેલવેમાં હજુ પણ ૨.૨૫ લાખ જગ્યાઓ ખાલી

નવી દિલ્હી,તા. ૧૬

ભારતીય રેલેવમાં હજુ પણ ૨.૨૫ લાખથી વધુ જગ્યાઓ ખાલી રહેલી છે. આ જગ્યાએને ભરવા માટે રેલવે સહિતના સંબંધિત વિબાગો દ્વારા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હોવા છતાં હજુ સુધી ખાલી જગ્યાઓ ભરવામાં આવી રહી નથી.રેલવેની સ્થિતીને સુધારવા માટે તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. છતાં રેલવેમાં હજુ પણ વધુ સુધારા હાથ ધરી શકાય છે. આ જ કારણસર રેલવેમાં રહેલી ખાલી જગ્યાઓને ભરવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે રેલવેમાં ખાલી જગ્યાઓ લાખોમાં છે. રેલવેના જુદા જુદા ઓપરેશનને હાથ ધરવા માટે લાખો લોકોની જરૂર છે. રેલવે બોર્ડમાં સભ્ય (ઈલેક્ટ્રિકલ)ની જગ્યા પણ ખાલી છે. ઉપરાંત ચાર જનરલ મેનેજર અને કેટલાક ડિવીઝનલ રેલેવ મેનેજરની જંગ્યા ખાલી છે. પહેલી એપ્રિલ ૨૦૧૪ના દિવસના આંકડા મુજબ ઝોનલ રેલવેમાં જડુદી જુદી કેટેગરીમાં કુલ ૨૨૫૮૬૩ જગ્યા ખાલી છે. તાજેતરમાં જ સંસદમાં રેલવે રાજ્ય પ્રધાન મનોજ સિંહાએ આ મુજબની માહિતી આપી હતી. જો કે પ્રધાને દલીલ કરી હતી કે ટ્રેન ઓપરેશનની અસરકારતા પર કોઈ અસર થઈ રહી નથી. આ સ્થિતીને સતત સુધારવામાં આવી છે. ઉપરાંત સુરક્ષાના મામલે કોઈ બાંધછોડ કરવામાં આવી રહી નથી. જો કે રેલવે કર્મચારીઓ જુદી માંગને લઈને ઉદાસીન છે. ભાજપે સરકારે રેલવે યાત્રી ભાડામાં વધારો કર્યા બાદ રેલેવેની સુવિધાને વધારવા માટે સતત દબાણ વધારવામાં આવી રહ્યું છે. સરકાર પણ કહી ચુકી છે કે તે યાત્રીઓને સર્વશ્રેષ્ઠ સુવિધા આપવા માટે કટિબદ્ધ છે. રેલવેમાં જીએમ, ડિઆરએમ, મેમ્બર ઈલેક્ટ્રીકલ સહિતના ટોચના હોદ્દાઓ ખાલી રહેલા છે. મોટાભાગની જગ્યાઓ જે ખાલી છે તે સુરક્ષા સાથે સંબંધિત છે. ડ્રાઈવર, સ્ટેશન માસ્ટર, ગાર્ડ, સિગ્નલ ઈન્સપેક્ટર અને મેઈન્ટેનન્સ સ્ટાફની જગ્યાઓ પણ ખાલી પડેલ છે. આઠ રેલવે સર્વિસ સાથે જોડાયેલ અધિકારીઓ ફિક્સ ક્વોટાના આધાર ઉપર ડિઆરએમ માટે પસંદગી પામે છે. ડિઆરએમની ૬૮ પોસ્ટ પૈકી ૧૬ પોસ્ટ ટ્રાફિક, મેકેનિકલ અને એન્જીનિયરીંગ સર્વિસમાં જાય છે. જ્યારે ૯ ઈલેક્ટ્રીકલ અને ૪ સિગ્નલમાં જાય છે. ઈલેક્ટ્રીકલની માંગ પણ ખૂબ રહી છે. જગ્યાઓને ભરવામાં વિલંબને લઈને ભૂતકાળમાં ગંભીર પ્રશનો ઉભા થયા હતા. ડિઆરએમ અને જીએમની નિમણૂંકમાં વિલંબને લઈને રાજકીય પક્ષોએ હોબાળો મચાવ્યો હતો. પૂર્વ રેલવે પ્રધાનના સગાસંબંધીઓ પણ વિવાદમાં આવ્યા હતા.

# બીપીસીએલમાં ૩ ટકા હિસ્સો વેચવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૬

સરકાર દેશની બીજી સૌથી મોટી ઓઈલ કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડમાં ત્રણ ટકા હિસ્સો વેચીને ૧૮૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. નાણા મંત્રાલયે પબ્લિક ઓફર મારફતે બીપીસીએલમાં ૨.૧૬ કરોડ શેર વેચવા માટે આંતરપ્રધાન સ્તરની મંત્રણા માટે કેબિનેટ નોટ તૈયાર કરી લીધી છે. વર્તમાન કારોબારની કિંમત જોવામાં આવે તો બીપીસીએલના શેરની કિંમત ૮૨૦ રૂપિયાની આસપાસ છે. આવી સ્થિતિમાં હિસ્સેદારી વેચવામાં આવે તો સરકાર ૧૭૭૮ કરોડ રૂપિયા ઉભા કરી શકે છે. સરકાર બીપીસીએલમાં ૫૪.૯૩ ટકા હિસ્સેદારી ધરાવે છે. ત્રણ ટકા હિસ્સો વેચીને સરકાર તેની હિસ્સેદારીને ૫૧ ટકાથી ઉપર રાખશે. બીપીસીએલ ૨૧.૫ મિલિયન ટનની સંયુક્ત ક્ષમતા સાથે મુંબઈ અને કોચીમાં રિફાઈનરી ધરાવે છે. મધ્યપ્રદેશમાં બીના ખાતે એક વર્ષમાં છ મિલિયન ટનની ક્ષમતા પણ તેની પાસે રહેલી છે. આમા ઓમાન ઓઈલ સાથે સંયુક્ત સાહસની ભૂમિકા છે. તેના ૧૨૮૦૯ પેટ્રોલ પંપ રહેલા છે. દેશભરમાં કુલ પેટ્રોલપંપ પૈકી એક ચતુર્થાંશ પેટ્રોલ પંપ બીપીસીએલના છે. બીપીસીએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર વરદારાજને કહ્યું છે કે, કંપની સંભવિત હિસ્સેદારી વેચાણ અંગે વાત સાંભળી રહી છે પરંતુ આ અંગે કોઈ વાત નક્કી થઈ નથી. કેબિનેટે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી), ભેલ, એનટીપીસીમાં પાંચ ટકા હિસ્સેદારી વેચાણની લીલીઝંડી આપી છે જ્યારે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, નેલ્કો, એનએમડીસીમાં ૧૦-૧૦ ટકા હિસ્સેદારી વેચાણને લીલીઝંડી આપવામાં આવી છે.

**આસામમાં હજુ પણ ભારે વરસાદ જારી**

# બ્રહ્મપુત્ર નદી રૌદ્ર સ્વરૂપમાં

ગુવાહાટી,તા. ૧૬

આસામમાં પુરની સ્થિતી ફરી એકવાર વણસી ગઈ છે. ભારે વરસાદ જારી રહેતા બ્રહ્મપુત્ર અને તમામ સહાયક નદીઓમાં કેટલાક સ્થળ પર પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. તંત્ર સંપૂર્ણપણે સાબદુ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં અનેક મકાનો પાણીમાં ડુબી ગયા છે. આસામમાં ૧૦ રાહત કેમ્પમાં હજારો લોકોને ખસેડવામાં આવ્યા છે. ગોલપારામાં સાત કેમ્પ સ્થાપિત કરાયા છે. લાખો લોકો હજુ પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હવે રોગચાળાનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. સ્થિતી હાલમાં હળવી બને તેવી શક્યતા ઓછી છે. જો કે તંત્ર સાવધાન છે. પુરના કારણે હાલમાં ૧૬ જિલ્લાના લોકો પુરના સકંજામાં આવી ગયા છે. હવે ૧૬ જિલ્લાના ૭૦૨ ગામોમાં લોકોની હાલત ખુબ કફોડી બનેલી છે. અસરગ્રસ્ત લોકોની સંખ્યા હવે રોકેટગતિથી વધીને ૩.૧૧ લાખ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો બે જ રહ્યો છે. સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા એલર્ટની જાહેરાત કરાઈ છે. કારણકે, ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ઘણા સ્થળ ઉપર ચેતવણીના સ્તરથી ઉપર પહોંચી ગઈ છે.

ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી પર નજર રાખવામાં આવી રહી છે. અહીં ભયજનકસ્તરનો આંકડો ૪૯.૬૮નો છે. વર્ષ ૨૦૦૪માં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ૫૧.૪૬ સુધી પહોંચી હતી. પ્રદેશમાં શનિવારે મોનસુનની એન્ટ્રી થઈ ગઈ હતી. રાજ્યમાં ૧૬ જિલ્લાઓમાં લોકો ભારે પ્રભાવિત થયા છે.આસામમાં પુરની સ્થિતી હળવી બની હતી. અસરગ્રસ્તોની સંખ્યા વધીને ૩.૧૧ લાખ સુધી પહોંચી ગઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મોતનો આંકડો હવે વધીને બે થઈ ગયો છે. જે પૈકી બોંગાઈગામમાં એક અને લખીમપુરમાં એકનુ મોત થયું છે.તમામ અસરગ્રસ્ત જિલ્લામાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે.

# ભુજબળની સામે કોઈ જ દ્વેષભાવ નથી : ફડનવીસ

મુંબઈ,તા. ૧૬

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે આજે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર સદન કૌભાંડના સંદર્ભમાં એનસીપીના શક્તિશાળી નેતા છગન ભુજબળ સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં કોઈપણ રાજકીય દ્વેષભાવ રાખવામાં આવ્યો નથી. ફડનવીસે એમ પણ કહ્યું હતું કે, એસીબી અથવા તો એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને સરકાર સાથે કોઈ લેવા દેવા નથી. તેમની સામે કાયદા મુજબ કાર્યવાહી થઈ રહી છે. સરકારની કોઈ દરમિયાનગીરી નથી. કોઈ રાજકીય દ્વેષભાવ પણ રાખવામાં આવ્યો નથી. દરોડા પણ તપાસના ભાગરુપે જ પાડવામાં આવ્યા છે. હાઈકોર્ટની દેખરેખ હેઠળ તેમની સામે તપાસ ચાલી રહી છે જેથી રાજકીય દરમિયાનગીરીનો કોઈ જ પ્રશ્ન નથી. ફડનવીસે એમ પણ કહ્યું હતું કે, ભુજબળ સામે સરકાર કોઈ હિલચાલ આગળ વધારી રહી નથી. આ મામલો ચૂંટણી અરજી સાથે સંબંધિત છે અને કોર્ટ આ મુદ્દે નિર્ણય કરશે.

**બંને પાયલોટોનો સહેજમાં બચાવ**

# અલ્હાબાદ નજીક ભારતીય હવાઈ દળનુ જગુઆર ફાયટર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું

અલ્હાબાદ,તા. ૧૬

ભારતીય હવાઈ દળનુ જગુઆર ફાયટર વિમાન આજે સવારે અલ્હાબાદ નજીક નૈની વિસ્તારમાં તુટી પડતા તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. ફાયટર વિમાન ખુલ્લા મેદાનમાં તુટી પડતા જમીન પર કોઈને કોઈ નુકસાન થયુ ન હતુ. દુબે કા તલાબ વિસ્તારમાં વિમાન તુટી પડ્યું હતુ. બન્ને પાઈલોટ સફળતાપૂર્વક બહાર નિકળી ગયા હતા. ડિફેન્સ પીઆરઓના જણાવ્યા મુજબ ફાયટર વિમાન



રૂટિન ઉડાણ પર હતુ ત્યારે બનાવ બન્યો હતો. આ વિમાને સવારે ૭-૩૦ વાગે બમરૌસી એરબેઝ ખાતેથી ઉડાણ ભરી હતી. વિમાન સવારે ૮.૪૫ વાગેની આસપાસ ખુલ્લા મેદાનમાં તુટી પડ્યુ હતુ. બમરૌલીથી આશરે ૧૮ કિલોમીટરના અંતરે નૈની ગામ ખાતે આ બનાવ બન્યો હતો. કેટલાક નજરે જોનાર સાક્ષીઓએ કહ્યું છે કે પાઈલોટે સાવધાનીપૂર્વક મોટી દુર્ઘટનાને ટાળી દીધી હતી. દુર્ઘટનાના છેલ્લી મિનિટોમાં પાયટર વિમાન નજીકના મકાનની ગ્રીલ સાથે ટકરાઈ ગયુ હતુ. જો કે તેની અસર ખુબ નજીવી રહી હતી. બન્ને પાઈલોટ સફળતાપૂર્વક બહાર આવી ગયા હતા. ડિફેન્સ પીઆરઓના જણાવ્યા મુજબ તપાસનો આદેશ આ બનાવમાં આપી દેવામાં આવ્યો છે. તજેતરના વર્ષોમાં ભારતીય હવાઈ દળને આવરી લેતા કેટલાક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા છે. સમગ્ર મામલે હજુ ખુબ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે.

# દિલ્હીની ૭૨૦ સ્કૂલોમાં હાલત ખુબ જ કફોડી

નવી દિલ્હી,તા. ૧૬

નેશનલ હ્યુમન રાઈટ કમિશન અથવા તો રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે આજે તેની ૭૨૦ સ્કૂલોની હાલત ખુબ જ કફોડી હોવાના મામલામાં દિલ્હી સરકારને નોટિસ જારી કરી દીધી છે. સાથે સાથે ચાર સપ્તાહની અંદર ફરી વિસ્તૃત અહેવાલ આપવાની માંગ પણ કરવામાં આવી છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના નિવેદનમાં જણાવવામાં આવ્યુંછે કે, સરકારી સ્કૂલોમાં શિક્ષકોનો અભાવ દેખાઈ રહ્યો છે. પીવાના પાણીની પણ વ્યવસ્થા દેખાઈ રહી નથી. સ્કૂલોમાં ટોઈલેટની પણ વ્યવસ્થા નથી. કેટલીક જગ્યાએ શિક્ષકો દિવસની નોકરી દરમિયાન પણ શરાબ પી રહ્યા છે. આ તમામ બાબતો ચિંતા ઉપજાવે તે પ્રકારની રહી છે. સરકારી સ્કૂલોની સ્થિતિને સુધારવા માટે વિદ્યાર્થીઓ તરફથી પણ ઘણી બધી રજૂઆતો કરવામાં આવી ચુકી છે. કોમ્પ્યુટર શિક્ષણ માટેની સુવિધા ઘણી સ્કૂલોમાં નહીવત જેવી રહી છે. દિલ્હી સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા સર્વેના આધાર ઉપર મિડિયા અહેવાલ તૈયાર કરતા આ ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી હતી.

# વન રેન્ક વન પેન્શન યોજના બિહાર ચૂંટણી પૂર્વે અમલી

નવી દિલ્હી,તા. ૧૬

સેનાના પૂર્વ જવાનો માટે લાંબા ગાળાથી પેન્ડિંગ વન રેંક વન પેન્શન સ્કીમને લઈને મોદી સરકાર દુવિધાભરી સ્થિતિમાં મુકાઈ ગઈ છે ત્યારે બિહાર વિધાનસબાની ચૂંટણી પહેલા આ સ્કીમને અમલી બનાવી દેવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ટોપ સરકારી સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, વન રેંક વન પેન્શન સ્કીમ બિહાર ચૂંટણી પહેલા અમલી બનાવી દેવામાં આવશે. સરકાર દ્વારા ઓઆરઓપી માટેની રુપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કોઈપણ સમયે કરવામાં આવશે. સૂત્રોએ કહ્યું છે કે, ઓઆરઓપીને લઈને તમામ રુપરેખા તૈયાર થઈ રહી છે. અમે એક અલગ કેટેગરી તૈયાર કરી રહ્યા છે. જેથી તેને મોડેથી કાયદાકીયરીતે પણ પડકાર ફેંકી શકાશે નહીં. સાથે સાથે અન્યો પણ કોઈ દાવા કરી શકશે નહીં. સરકારની અન્ય પેન્શન યોજનાથી આ અલગ રહેશે. આ યોજના ક્યારે શરૂ કરવામાં આવશે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આ સ્કીમને બિહાર ચૂંટણી પહેલા જ જાહેર કરવામાં આવશે. આના માટેની તમામ તૈયારીઓ ચાલી રહી છે. મોદી સરકાર ઉપર વધુ દબાણ વધારી દઈને બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા ભૂખ હડતાળ કરવાનો અને બિહારમાં વિશાળ રેલી યોજવાનો નિર્ણય સેનાના જવાનો કરી ચુક્યા છે. વનરેંક વન પેન્શન સ્કીમને લઈને મોદી સરકાર વચન આપી ચુકી છે. ગઈકાલે દેશના ૨૦ શહેરોમાં સેનાના ભૂતપૂર્વ જવાનોએ ભૂખ હડતાળ કરી હતી અને દેખાવો કર્યા હતા. બિહારમાં આ વર્ષે સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેડીયુ-આરજેડી ગઠબંધન સામે ભાજપની જોરદાર ટક્કર લેવી પડે તેવી શક્યતા દેખાઈ રહી છે.કારણ કે આ પ્રાદેશિક પક્ષો પોતાની સ્થિતિ ખુબ મજબૂત ધરાવે છે. વન રેંક વન પેન્શનનો મુદ્દો પણ ચૂંટણી પહેલા નહીં ઉકેલાય તો બિહારમાં ભાજપને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. બિહારમાં કોંગ્રેસ પણ જનતા પરિવાર સાથે છે. મોદી સરકારનું કહેવું છે કે, તે ઓઆરઓપીને લઈને કટિબદ્ધ છે. લોકસભાની ચૂંટણી દરમિયાન આ વચન આપવામાં આવ્યું હતું અને તેને અમલી બનાવવા માટે સરકાર કટિબદ્ધ છે. સરકાર કહી ચુકી છે કે, આને અમલી બનાવવામાં આવશે પરંતુ સ્કીમને લઈને વિલંબ કેમ છે તે અંગે કોઈ વાત કરવામાં આવી રહી નથી. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે, ઓઆરઓપીની ફાઈલ સંરક્ષણ મંત્રાલય માટે છે જેમાં અંતિમ અંદાજપત્રીય મંજુરી માટે નાણામંત્રાલય ગણતરીમાં વ્યસ્ત છે. જો આ સ્કીમને અમલી બનાવવામાં આવશે તો સેનાના ૨૨ લાખથી વધુ પૂર્વ જવાનો અને છ લાખ યુદ્ધ વિધવાઓને સીધીરીતે ફાયદો થશે. આ સ્કીમમાં સંરક્ષણ જવાનો માટે યુનિફોર્મ પેન્શનની જોગવાઈ છે. સર્વિસના ગાળા સાથે એક જ રેંકમાં નિવૃત્ત થયેલા જવાનો માટે એકસમાન પેન્શન રહેશે. હાલમાં નિવૃત્ત જવાનો માટે પેન્શન જ્યારે તેઓ નિવૃત્ત થયા ત્યારે વેતનપંચની ભલામણોના આધાર પર છે. દાખલા તરીકે ૧૯૯૬માં નિવૃત્ત થયેલા મેજર જનરલ ૧૯૯૬ બાદ નિવૃત્ત થયેલા લેફ્ટી કર્નલ કરતા પણ ઓછું પેન્શન મેળવે છે.

# બંગાળ એન્ટી ચીટ ફંડ બિલને લીલીઝંડી મળી

કોલકાતા,તા. ૧૬

વર્ષ ૨૦૧૩માં પશ્ચિમ બંગાળ વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા એન્ટી ચીટ ફંડ બિલને કેન્દ્ર સરકારે લીલીઝંડી આપી દીધી છે. રાજ્યના નાણામંત્રી અમિત મિત્રા દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળ સરકારને આનાથી રાહત થઈ છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આ પ્રકારના નાણાંકીય ગુનાઓમાં કઠોર સજા માટેની જોગવાઈ ધરાવતી સરકારની દરખાસ્તને પણ સ્વીકારી લીધી છે. કેન્દ્ર સરકારે અગાઉ તમિલનાડુના એન્ટી ચીટ ફંડ એક્ટમાં રહેલી જોગવાઈઓ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તમિળનાડુમાં આ પ્રકારના કેસોમાં ગુનેગારોને દંડની રકમ ચુકવી દીધા બાદ છોડી મુકવામાં આવ્યા છે. તેમને જામીન ઉપર છોડી મુકવાની પરંપરા રહી છે. કેન્દ્ર સરકાર આ પ્રકારના ગુનાઓ માટે દંડ સાથે જામીન આપી દેવામાં આવે છે. કેન્દ્ર સરકાર છેલ્લા ઘણા સમયથી નવી જોગવાઈઓને લઈને આગળ વધી રહી છે. આ બિલને રાષ્ટ્રપતિની મંજુરી પહેલાથી જ મળી ચુકી છે.